## 1. ગ્રામપંચાયતના મંત્રીની ફરજો જણાવો. (March 18)

- ગ્રામપંચાયત માટે એક મંત્રીની નિમણુક કરવામાં આવે છે. તે સરકાર દ્વારા નિમાયેલા કર્મચારી છે. મંત્રીને સરકાર તરફથી પગાર અને ભથ્થાં આપવામાં આવે છે.
- ગ્રામપંચાયતના મંત્રીએ નીચેનાં કાર્યો કરવાનાં હોય છે : ગ્રામપંચાયતના દફતરો અને રજિસ્ટરોની જાળવણી કરવી. ગ્રામપંચાયતનું અંદાજપત્ર તૈયાર કરવું તથા ગ્રામપંચાયતના હિસાબો ઑડિટ કરાવવા. ગ્રામપંચાયતના કાયદા અનુસાર પત્રકો અને રિપોર્ટ તૈયાર કરવાં.
- સામપંચાયતની મિટિંગમાં હાજરી આપવી, ઠરાવો લખવા, અગાઉના ઠરાવો વાંચી સંભળાવવા તથા મિટિંગની કાર્યવાહીની નોંધ રાખવી. ગ્રામપંચાયતના નાણાકીય હિસાબો રાખવા અને તે હિસાબો પર સરપંચની સહીઓ લેવી. ગ્રામપંચાયતની જરૂરી નોટિસો તૈયાર કરવી, પરિપત્રો અને પ્રાવધાનો(જોગવાઈઓ)ને સ્પષ્ટ કરવાનું કાર્ય કરવું. ગ્રામપંચાયતનું સંચાલન પંચાયતના કાયદા મુજબ થાય તે જોવું.
- જમીનમહેસૂલ ઉઘરાવવું અને તેની પહોંચ આપવી. ગ્રામપંચાયતે લીધેલા નિર્ણયોનો અમલ કરાવવો. પંચાયતની જુદી જુદી સમિતિઓમાં મંત્રી તરીકે કાર્ય કરવું. લગ્ન, જન્મ અને મરણની નોંધ રાખવી. પંચાયત અધિનિયમમાં ઠરાવવામાં આવે તે કાર્યો કરવા અને ફરજો બજાવવી. પંચાયતના મંત્રીને ગામના વિકાસકાર્યોમાં નીતિવિષયક કોઈ નિર્ણય લેવાનો અધિકાર નથી.
- તેણે પંચાયતે લીધેલા નિર્ણયોનો માત્ર અમલ કરાવવાનો છે. તેણે ગ્રામપંચાયતના તાલુકા અને જિલ્લા મથકનાં વહીવટી કામો કરવાનાં હોય છે. આ ઉપરાંત સરપંચ તથા પંચાયતના અન્ય હોદેદારો જે કામગીરી સોંપે તે બજાવવાની હોય છે.

## 2. તાલુકા પંચાયતનું માળખું સમજાવો.

- પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખામાં તાલુકા પંચાયતનું સ્થાન ગ્રામપંચાયત અને જિલ્લા પંચાયતની વચ્ચે છે. એક લાખની વસ્તી સુધી તાલુકા પંચાયત 15 સભ્યોની હોય છે.દર 25 હજારની વધારાની વસ્તીએ બે સભ્યોનો વધારો થાય છે. ક્લ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત હોય છે. વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે અનામત બેઠકો રાખવામાં આવે છે. તાલુકા પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. તાલુકા પંચાયતનું માળખું : તાલુકા પંચાયતના રચનાતંત્રીય માળખાનાં અંગો નીચે પ્રમાણે છે :
- 1, ચૂંટાયેલા સભ્યો : તાલુકા પંચાયતનાં બધાં ગામડાંના મતદારો સીધી ચૂંટણીમાં તાલુકા પંચાયતના સભ્યોને ચૂંટે છે. તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખને ચૂંટે છે.
- 2. સહસભ્યો અને આમંત્રિત સભ્યો : તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો ઉપરાંત સહસભ્યો અને આમંત્રિત સભ્યો હોય તાલુકા પંચાયતના સરાસભ્યો અને આમંત્રિત સભ્યો પંચાયતની મિટિંગમાં ભાગ લે છે, ચચર્ષાં પણ ભાગ લે છે, જરૂરી હોય તેવાં સલાહસૂચનો પણ આપે છે પરંતુ તેમને મત આપવાનો અધિકાર હોતો નથી.
- 3. તાલુકા પંચાયતની સમિતિઓ : તાલુકાનાં ગામોનાં વિકાસકર્યો કરવા માટે તાલુકા પંચાયત પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિ અને સામાજિક ન્યાયસમિતિની રચના કરે છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ અન્ય સમિતિઓની રચના કરે છે. (1)કારોબારી સમિતિ : તાલુકા પંચાયતના સભ્યોમાંથી 9 સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવે છે. આ સભ્યોમાંથી એક સભ્યને કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં

આવે છે. કારોબારી સમિતિની મુદત બે વર્ષની હોય છે. (2) સામાજિક ન્યાય સમિતિ : તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિમાં વધુમાં વધુ પાંચ સભ્યો હોય છે અને તે તાલુકા પંચાયતના સભ્યો નક્કી કરે છે.

- . તાલુકા પંચાયતના પ્રમુખ : તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે. તાલુકા પંચાયતના પ્રમુખ તાલુકાની ગ્રામીણ પ્રજાનું પ્રતિનિધિત્વ કરતા લોકશાહી નેતા છે.
- 5. તાલુકા વિકાસ અધિકારી તાલુકા વિકાસ અધિકારી (તાલુકા ડેવલપમેન્ટ ઓફિસર : ટીડીઓ) તાલુકા પંચાયતનું વહીવટી કાર્ય કરવા માટે સરકારે નિયુક્ત કરેલ અધિકારી છે. તેઓ સરકારી અને વહીવટી કાર્યો કરવા માટે તાલુકા પંચાયતના પ્રમુખને માર્ગદર્શન આપે છે.

3. ગ્રામસભા ટૂંકમાં સ્પષ્ટ કરો.

- ગ્રામસભા : ગ્રામસભા એટલે ગ્રામકક્ષાએ પંચાયતના પ્રાદેશિક વિસ્તારમાં ગામની મતદારયાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. ગામના બધા મતદારો ગ્રામસભાના સભ્યો હોય છે.
- ગ્રામસભા દ્વારા ગ્રામકક્ષાએ પ્રત્યક્ષ લોકશાહીની સ્થાપના થઈ છે. દર વર્ષે ગ્રામસભાની ઓછામાં ઓછી બે સામાન્ય સભા ભરવાની સરપંચ કોઈ પણ સમયે ગ્રામસભાની અસાધારણ સભા બોલાવી ગ્રામસભામાં સરપંચ સભાપતિ તરીકે ભૂમિકા ભજવે છે.
- તેમની ગેરહાજરીમાં ઉપસરપંચ આ ભૂમિકા ભજવે છે. ગ્રામપંચાયત ગ્રામસભાની પ્રથમ બેઠક વખતે વાર્ષિક હિસાબો, પાછળના વર્ષનો વહીવટી અહેવાલ, ઑડિટની નોંધ, ચાલુ વર્ષના વિકાસ કાર્યક્રમો વગેરે રજૂ કરવાના હોય છે, આ બાબતો અંગે ગ્રામસભા ચર્ચા કરે છે.
- ચર્ચામાં દરેક સભ્યને ભાગ લેવાનો અધિકાર હોય છે. ગ્રામસભાની જાહેરે ચર્ચામાં ગરીબ વ્યક્તિ પણ પોતાના જીવનને સ્પર્શતા નિર્ણયો પર પ્રભાવ પાડી શકે છે. સધળા પ્રશ્નોનો નિર્ણય કદાજર રાલા સભ્યોની બહુમતીથી કરવામાં ખાવે છે. આમ, ગ્રામસભા ગણતંત્રનો પાયો ‘બની રહે છે.

4. તાલુકા પંચાયતની સામાજિક ન્યાયસમિતિ સમજાવો.

- તાલુકા પંચાયતમાં ‘સામાજિક ન્યાયસમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિના સભ્યોની સંખ્યા વધુમાં વધુ પાંચ હોય છે અને તેમની નિયુક્તિ તાલુકા પંચાયતના સભ્યોમાંથી તાલુકા પંચાયત કરે છે. આ સભ્યો પૈકીના એક સભ્ય અનુસૂચિત જાતિના હોય છે. એક મહિલા સભ્ય હોય છે.
- સામાજિક ન્યાયસમિતિની મુદત તાલુકા પંચાયતની મુદત જેટલી હોય છે. સમિતિના સભ્યો તેમનામાંથી એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટે છે.
- સામાજિક ન્યાય સમિતિએ સમાજના નબળા વર્ગોને સામાજિક ન્યાય મળે તે માટે કાર્ય કરવાનું હોય છે. નબળા વર્ગોને શિક્ષણ, રહેઠાણ સહાય, પીવાના પાણીની સુવિધા, તબીબી સારવાર વગેરે સગવડો મળે તે માટે કામગીરી કરવાની હોય છે.

5. ગ્રામસેવકની કામગીરી ટૂંકમાં જણાવો.

- ગ્રામીણ વિકાસ અને પરિવર્તનના સહાયક તથા વાહક તરીકે ગ્રામસેવકે હેતુલક્ષી કાર્યકર તરીકે ફરજ બજાવવાની છે. "ગ્રામસેવક હવે 'ગ્રામવિકાસ અધિકારી" (વિલેજ ડેવલપમેન્ટ ઑફિસર) તરીકે ઓળખાય છે. ગ્રામસેવકનાં મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે : ગ્રામીણ વિકાસકાર્યો સાથે સંકળાયેલા કૃષિ, શિક્ષણ, સહકાર, પશુપાલન, આરોગ્ય વગેરે ખાતાના અધિકારીઓ અને ગ્રામજનો વચ્ચે મધ્યસ્થી તરીકે કામગીરી બજાવવી. ગ્રામસેવકે નક્કી થયેલી યોજના અને કાર્યક્રમોનો અમલ કરવો તેમજ પોતાના કાર્યક્ષેત્ર હેઠળનાં ગામડાંના લોકો સાથે ચર્ચા કરી પ્રત્યેક ગામડાની કૃષિ, સિંચાઈ, સહકાર વગેરેના વિકાસની યોજના તૈયાર કરવી. ગ્રામસેવકે ગ્રામજનોની જરૂરિયાતોનો અભ્યાસ કરવો અને તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો.
- નવી શોધો અને નવા જ્ઞાનથી ગ્રામજનોને પરિચિત કરવા તથા ગ્રામજનોના પ્રશ્નો, સુચનો અને સમસ્યાઓની ઉપરી અધિકારીઓને જાણ કરવી. પંચાયત, સહકારી મંડળી વગેરે સંસ્થાઓ હેઠળ ગ્રામજનોની સભા ભરવી અને ખેતી, પશુસંવર્ધન, સહકાર, આરોગ્ય, શિક્ષણ વગેરેને લગતા પ્રશ્નો પર ચર્ચા કરવા ગ્રામજનોને પ્રોત્સાહન આપવું.
- ગ્રામજનોને બિયારણ, ખાતર વગેરે પૂરાં પાડવાં. આમ, ગ્રામસેવક ગ્રામપંચાયતમાં સરપંચને અને બીજી તરફ તાલુકા સ્તર પર તાલુકા વિકાસ અધિકારીને જવાબદાર હોય છે.

6. પંચાયતી રાજની સ્થાપના શા માટે કરવામાં આવી છે?

- ભારતનાં ગામડાંનો સવાંગી વિકાસ સાધવાના હેતુથી પંચાયતી રાજની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામીણ સમાજની નિરક્ષરતા, ગરીબી, બેકારી વગેરે સમસ્યાઓ દૂર કરવી.
- ગ્રામજનોનો સામાજિક અને આર્થિક દરજ્જો ઊંચો લાવવો. તેમને વિકાસની તકો પૂરી પાડવી. વિવિધ જરૂરિયાતો સંતોષવા માટેનાં પગલાં લેવાં. ગામડાંમાં વાહનવ્યવહારની સુવિધાઓ ઊભી કરી તેમને અન્ય સમુદાયો સાથે જોડવાં. ખેતીનું ઉત્પાદન વધારવું.
- ગામડાંમાં પૂરક રોજીના વ્યવસાયો અને ઉદ્યોગો સ્થાપવા. આમ, ગામડાંનું નવનિર્માણ થાય, ગામડાંનો સવાંગી વિકાસ થાય અને ગ્રામીણ સમસ્યાઓ હલ થાય એ હેતુથી પંચાયતી રાજની સ્થાપના કરવામાં આવી છે.